**<u>શ્રી કે.જી.પટેલ, ન્યાયાધીશ(એસ.ડી.) મજુર અદાલત અને એકસ</u>**
**<u>ઓફીસીયો કમિશ્નર ફોર ધી એમ્પ્લોઈઝ કોમ્પેન્સેશન, સુરત સમક્ષ.</u>**

**ડીસ્ટ્રીબ્યુશન અરજી નં.૯૪/૨૦૨૫**
**આંક–૨૨**

**અરજદાર :** **સ્વ.હંસાબેન સુરેશભાઈ ડામોર**
(૧) સુરેશભાઈ નથુભાઈ ડામોર (મર્હુમના વિધુર પતિ)
(૨) શાનવીબેન સુરેશભાઈ ડામોર (મર્હુમની સગીર પુત્રી)
(૩) જાનવીબેન સુરેશભાઈ ડામોર (મર્હુમની સગીર પુત્રી)
રહે.૦, કાચુ ફળીયું, પો.ચોસલા, દાહોદ–૩૮૯૧૫૧.

**//વિરૂધ્ધ//**

**સામાવાળા :** **(૧) રિજીડ કન્સ્ટ્રકશન**
ઠે.ગ્રાઉન્ડ ફલોર, બિ.નં.૧૨૫, રી.સ.નં.૯૭/૧,
રિજીડ રોડ, સાનિયા હેમાદ, સુરત–૩૯૫૦૧૦.
**(૨) મેગ્મા એચડીઆઈ જનરલ ઈન્સ્યુરન્સ કંપની લીમીટેડ**
ઠે. સનસીટી હાઉસ, ૧લો માળ, કોટક મહિન્દ્ર
બેંક સામે, મીઠાખલી સિકસ રોડ, નવરંગપુરા,
અમદાવાદ–૩૮૦૦૦૬.

**વિષય:<u>કામદાર વળતર અધિનિયમ,૧૯૨૩ની કલમ–૮ હેઠળ વળતરની</u>**
**<u>જમા થયેલી રકમની વહેંચણી કરવા બાબતની અરજી.</u>**

**પ્રતિનિધિત્વ:** અરજદારો તરફે : વિ.વ.શ્રી જે. એ. હરીયાણી
સામાવાળા નં.૧ તરફે : જાતે
સામાવાળા નં.૨ તરફે : ગેરહાજર

**–: હુકમ :–**

(૧) આ કામના અરજદારોએ કામદાર વળતર ધારો,૧૯૨૩ (કે જેને

અધિનિયમ) તરીકે ઓળખવામાં આવશે તેની જોગવાઈ હેઠળ ગુજરનાર હંસાબેન સુરેશભાઈ ડામોરના અકસ્માતથી નિપજેલ મૃત્યુનાં વળતરની રકમ સામાવાળાઓ તરફથી રૂા.૧૨,૪૭,૮૮૦/- જમા કરાવવામાં આવેલ છે, જેની વહેંચણી ગુજરનારના આશ્રિતો વચ્ચે કરવા અર્થે ઉપસ્થિત કરવામાં આવેલ છે. રેકર્ડ ધ્યાને લેતાં પક્ષકારોને આંક-૩ થી નોટીસ કાઢવામાં આવેલ છે. જે નોટીસ અરજાદારને બજી ગયેલ હોવાનું રેકર્ડ જોતા જણાય છે. જયારે સામાવાળા નં.૧ની નોટીસ વગર બજે પરત આવેલ હોવાનું આંક-૭ થી રજુ થયેલ સ્પીડ પોસ્ટ વાળુ કવર જોતાં જણાય છે. જયારે સામાવાળા નં.ર ને કાઢવામાં આવેલ નોટીસ સ્પીડ પોસ્ટ મારફતે બજવણી સારૂ મોકલવામાં આવેલ જે રજી. એ.ડી. કવર પરત આવેલ નથી. આ કામે અરજદારોએ તેઓના વિ.વ.શ્રી સાથે હાજર થઈ આંક-૮ વકીલપત્ર અને આંક-૯ થી ડિસ્ટ્રબ્યુશન ફોર્મ રજુ કરેલ છે.

(ર) આ કામે સામાવાળાઓએ જમા કરાવેલ રકમ રૂા.૧૨,૪૭,૮૮૦/- (અંકે રૂપિયા બાર લાખ સુડતાલીસ હજાર આઠસો એંશી પુરા) ચલણ ક્રમાંક નં.૧૦૩/૨૦૨૫-૨૬ થી તા.૨૪/૦૯/૨૦૨૫ ના રોજ અત્રેની કચેરીમાં જમા થયેલ હોવાનું આંક-ર થી રજુ કરેલ ચલણ જોતાં જણાય છે. સદરહું જમા થયેલ રકમની એફ.ડી.રાષ્ટ્રીયકૃત બેંક, બેંક ઓફ મહારાષ્ટ્ર, અઠવાલાઈન્સ બ્રાન્ચ, સુરતમાં રસીદ નં.૫૦૮૭૮૫ થી તા.૦૪/૧૦/૨૦૨૫ ના રોજ એક વર્ષ માટે કરવામાં આવેલ છે.

(૩) આ કામે અરજદારો તરફે આંક-૮ થી વકીલાતનામું તેમજ આંક-૯ થી અરજદારો તરફે ડિસ્ટ્રીબ્યુશન ફોર્મ રજુ થયેલ છે. આ કામે આંક-૧૦, આંક-૧૩ તથા આંક-૧૯ ના દસ્તાવેજી લીસ્ટથી દસ્તાવેજો રજુ કરેલ છે. આ કામે આંક-૧૧, આંક-૧૨ તથા આંક-૨૦ થી અરજદાર નં.૧ ગુજરનારના પતિ સુરેશભાઈ નાથુભાઈ ડામોરની એફીડેવીટ રજુ કરેલ છે.

(૪) આંક–૧૦, આંક–૧૩ તથા આંક–૧૯ ના દસ્તાવેજી લીસ્ટથી અરજદારો તરફે નીચે જણાવ્યા મુજબના દસ્તાવેજો રજુ થયેલ છે.

| ક્રમ | દસ્તાવેજનું વર્ણન | આંક/ નિશાની |
|---|---|---|
| ૧ | વારસદારનું પેઢીનામું, તા.૨૮/૧૧/૨૦૨૫ | નિ.૧૦/૧ |
| ૨ | મરણ પ્રમાણપત્ર(હંસાબેન ડામોર), તા.૧૮/૦૫/૨૦૨૫ | નિ.૧૦/૨, નિ.૧૩/૬ |
| ૩ | મૃતકનું આધારકાર્ડ | નિ.૧૦/૩, નિ.૧૩/૨ |
| ૪ | મૃતકની પુત્રીનું આધારકાર્ડ (શાનવીબેન સુરશભાઈ ડામોર) | નિ.૧૦/૪, નિ.૧૩/૪ |
| ૫ | મૃતકની પુત્રીનું આધારકાર્ડ (જાનવીબેન સુરશભાઈ ડામોર) | નિ.૧૦/૫, નિ.૧૩/૫ |
| ૬ | મૃતકના પતિનું આધારકાર્ડ (સુરેશભાઈ ડામોર) | નિ.૧૦/૬, નિ.૧૩/૩ |
| ૭ | વારસનામું (સોગંદનામું) | નિ.૧૩/૧ |
| ૮ | પુત્રી જાનવીનું જન્મના પ્રમાણપત્રની ફોટોકોપી, તા.૨૧/૦૫/૨૦૨૫ | નિ.૧૯/૧ |
| ૯ | પુત્રી શાનવીનું જન્મના પ્રમાણપત્રની ફોટોકોપી, તા.૧૩/૧૨/૨૦૨૩ | નિ.૧૯/૨ |

(૫) આ કામે અરજદારો તરફે આંક–૧૪ તથા આંક–૨૧ થી પોતાનો પુરાવો બંધ જાહેર કરેલ છે.

(૬) આ કામે આંક–૧૫ થી સામાવાળા નં.૧ તરફે નો–ઓબ્જેકશન સર્ટીફીકેટ રજુ કરેલ છે.

(૭) આ કામે ગુજરનારના પતિ અરજદાર નં.૧ સુરેશ નાથુભાઈ ડામોરનાઓએ આંક–૧૧ થી એફીડેવીટ રજુ કરેલ છે જેમાં તેઓએ જણાવેલ છે કે, સદર કામમાં તેઓ અરજદારના પત્નિ સામાવાળાની સંસ્થા

તા.૧૮/૦૫/૨૦૨૫ ના રોજ બિલ્ડીંગમાં મજુરી કામ કરી રહેલ, તે સમયે અકસ્માત બનેલ, સદર કામમાં અકસ્માત વાળી સામાવાળાની સંસ્થામાં બનેલ હોય, સદર કામમાં વળતરની રકમ રૂા.૧૨,૪૭,૮૮૦/- (અંકે રૂપિયા બાર લાખ સુડતાલીસ હજાર આઠસો એંશી પુરા) સામાવાળા સંસ્થાએ જમા કરાવેલ હોય, તે રકમ તેઓ અરજદાર કબુલ મંજુર રાખે છે. સદર કામમાં તેઓ સામાવાળા પાસે વ્યાજ તથા પેનલ્ટી કઈ મેળવવા માંગતા ન હોય, સદર કામમાં સામાવાળા સંસ્થાએ તેઓને હોસ્પીટલ તથા બીજી અન્ય સહાય કરેલ છે. સદર કામમાં તેઓ અરજદારને વળતરની રકમ યોગ્ય હોય, આ રકમ તેઓને ચુકવી આપવા હુકમ ફરમાવવા અરજ કરેલ છે. ત્યારબાદ આંક-૧૨ થી અરજદાર નં.૧ નાઓએ એફીડેવીટ રજુ કરેલ છે જેમાં તેઓએ આંક-૧૧ થી રજુ કરેલ સોગંદનામામાં જણાવેલ હકીકતોનું મહંદઅંશે પુનરાવર્તન કરેલ છે અને વધુમાં જણાવેલ છે કે, ગુજરનારના વારસદારમાં ડામોર સુરેશભાઈ નાથુભાઈ, ઉ.વ.૨૭ તથા પુત્રી શાનવીબેન સુરેશભાઈ ડામોર ઉ.વ.૪ તથા પુત્રી જાન્વીબેન સુરેશભાઈ ડામોર, ઉ.વ. ૨(બે) છે. આમ, તેઓ સ્વ.હંસાબેનના વારસદારો છે. હંસાબેન સુરેશભાઈના અન્ય કોઈ વારસદારો નથી. ત્યારબાદ આંક-૨૦ થી અરજદાર નં.૧ નાઓએ એફીડેવીટ રજુ કરેલ છે જેમાં જણાવેલ છે કે, તેઓના પત્ની સામાવાળા નં.૧ ની સંસ્થામાં મજુરી કામ કરતા હોય અને તેનો દૈનિક પગાર રૂા.૪૦૦/- હતો તેમજ માસીક રૂા.૧૨,૦૦૦/- લેખે હતો. આમ, ઉપરોકત હકીકત અરજદાર નં.૧નાઓએ સોગંદ પર જણાવેલ હોઈ જે નહીં માનવાને કોઈ કારણ નથી.

(૮) આમ, ઉપરોકત અરજદારો તરફે રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતા અરજદાર નં.૧ ગુજરનારના વિધુર પતિ થતા હોય ગુજરનારની આવક ઉપર અંશત: આશ્રીત હોવાનું માનવાને કારણ રહે છે. તેમજ અરજદાર નં.૨ અને અરજદાર નં.૩ ગુજરનારની સગીર પુત્રીઓ થતી

હોય ગુજરનારની આવક ઉપર આશ્રીત હોવાનું માનવાને કારણ રહે છે. તે સંજોગોમાં આ કાયદાની કલમ–૨(૧)(ડી) ની જોગવાઈ ધ્યાને લેતાં અરજદાર નં.૧ થી ૩ નો સમાવેશ ગુજરનારના આશ્રિતોમાં થાય છે. તે સંજોગોમાં અરજદાર નં.૧ થી ૩ અકસ્માત વળતરની રકમ મેળવવા હકકદાર બને છે.

(૯) આ કામે સામાવાળા નં.૧ તરફે અકસ્માત વળતરના નાણાં ગુજરનારના આશ્રિતોને વહેંચી આપવામાં આવે તો તે સામે વાંધો નથી તે મતલબની નો–ઓબ્જેકશન પુરસીસ આંક–૧૫ થી રજુ કરેલ છે. તે સંજોગોમાં અકસ્માત વળતરની રકમ અરજદારોને નહીં ચુકવવા બાબતે સામાવાળા નં.૧ ને વાંધો તકરાર નહીં હોવાનું માનવાને કારણ રહે છે. આ કામે સામાવાળા નં.ર ને આંક–૩ થી કાઢવામાં આવેલ નોટીસ જે સામાવાળા નં.ર ને સ્પીડ પોસ્ટ મારફતે બજવણી સારૂ મોકલવામાં આવેલ હોવાનું આંક–૬ થી રજુ થયેલ સ્પીડ પોસ્ટ કર્યાની સ્લીપ જોતાં જણાય છે અને જે નોટીસ વગર બજે પરત આવેલ હોય તેવું રેકર્ડ જોતા જણાતું નથી. તે સંજોગોમાં આંક–૩ વાળી નોટીસ સામાવાળા નં.ર ને બજી ગયેલ હોવાનું માનવાને કારણ રહે છે. આમ, સામાવાળા નં.ર નાઓએ હાજર રહી કોઈ વાંધો તકરાર લીધેલ નથી, તે સંજોગોમાં સામાવાળા નં.ર ને અકસ્માત વળતરની રકમ ગુજરનારના આશ્રિતોને વહેંચી આપવા સામે વાંધો નહીં હોવાનું માનવાને કારણ રહે છે. જેથી જમા થયેલ વળતરની રકમની વહેંચણી અરજદારોને કરવી ન્યાયોચિત જણાય છે.

(૧૦) આ કામમાં સામાવાળાઓ ધ્વારા કુલ રકમ રૂા.૧૨,૪૭,૮૮૦/– (અંકે રૂપિયા બાર લાખ સુડતાલીસ હજાર આઠસો એંશી પુરા) જમા કરાવેલ છે. જેથી આ કામે જમા થયેલ રકમ ગુજરનારના આશ્રિતોને વહેંચી આપવાની હોઈ, નામદાર વડી અદાલતે ન્યુ ઈન્ડીયા ઈન્સ્યોરન્સ કંપની વિરુધ્ધ નારસિંહ

ડી. હરીજન (સોલંકી) તથા અન્ય બે ના કેસ નં. સીવીલ એપ્લીકેશન નં.૧૧૭૦૬ થી ૧૧૭૧૬/૨૦૦૬ ઈન ફસ્ટ અપીલ નં.૩૮૩૦ થી ૩૮૪૦/૨૦૦૬ તા.૨૪/૦૪/૨૦૦૭ ના ચુકાદામાં આપેલ ગાઈડ લાઈનને અનુસરીને તેમજ ઉપરોકત હકીકત અને સંજોગો ધ્યાનમાં લઈ નીચે મુજબ વહેંચણીનો હુકમ કરવામાં આવે છે.

**-: હુકમ :-**

ગુજરનાર હંસાબેન સુરેશભાઈ ડામોરના અકસ્માત મૃત્યુ વળતર પેટે જમા થયેલ રકમ રૂા.૧૨,૪૭,૮૮૦/- (અંકે રૂપિયા બાર લાખ સુડતાલીસ હજાર આઠસો એંશી પુરા)ની રકમ ગુજરનારના કાયદેસરના આશ્રિત અરજદારોને શરતોને આધિન નીચે મુજબ વહેંચણી કરવામાં આવે છે.

(૧) અરજદાર નં.૧ સુરેશભાઈ નાથુભાઈ ડામોર તે ગુજરનારના વિધુર પતિને રૂા.૨,૪૭,૮૮૦/-(અંકે રૂપિયા બે લાખ સુડતાળીસ હજાર આંઠસો એંશી પુરા)ની રકમ ફાળવવામાં આવે છે. જે પૈકી રૂા.૩૭,૮૮૦/- (અંકે રૂપિયા સાડત્રીસ હજાર આઠસો એંશી પુરા) ની રકમનો અરજદાર નં.૧ ના નામનો એકાઉન્ટ પેઈ ચેક બેંન્કે ઈસ્યુ કરવો તેમજ બાકી રહેતી રકમ રૂા.૨,૧૦,૦૦૦/- (અંકે રૂપિયા બે લાખ દસ હજાર પુરા) ની અરજદાર નં.૧ તથા કમિશ્નરશ્રી વર્કમેન કોમ્પેનસેશનના સંયુકત નામે ૫ (પાંચ) વર્ષ માટે કોઈ પણ રાષ્ટ્રીયકૃત બેંકમાં ફીકસ ડીપોઝીટ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) અરજદાર નં.૨ શાનવીબેન સુરેશભાઈ ડામોર તે ગુજરનારની સગીર પુત્રીને રૂા.૫,૦૦,૦૦૦/-(અંકે રૂપિયા પાંચ લાખ પુરા) ની રકમ ફાળવવામાં આવે છે. જે અરજદાર નં.૨ તથા કમિશ્નરશ્રી વર્કમેન કોમ્પેનસેશનના સંયુકત નામે અરજદાર નં.૨ પુખ્ત વયના થાય ત્યાં સુધી કોઈ પણ રાષ્ટ્રીયકૃત બેંકમાં ફીકસ ડીપોઝીટ કરવાનો હુકમ

કરવામાં આવે છે.

(૩) અરજદાર નં.૩ જાનવીબેન સુરેશભાઈ ડામોર તે ગુજરનારની સગીર પુત્રી ને રૂા.૫,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા પાંચ લાખ પુરા)ની રકમ ફાળવવામાં આવે છે. જે અરજદાર નં.૩ તથા કમિશ્નરશ્રી વર્કમેન કોમ્પેનસેશનના સંયુકત નામે અરજદાર નં.૩ પુખ્ત વયના થાય ત્યાં સુધી કોઈ પણ રાષ્ટ્રીયકૃત બેંકમાં ફીકસ ડીપોઝીટ કરવાનો હુકમ કરવામાં આવે છે.

-:: શ ર તો ::-

(૧) અરજદારોને એકાઉન્ટ પેઈ ચેકથી ચુકવવાની થતી રકમ તેઓની યોગ્ય અને પુરતી ઓળખ મેળવી ચુકવી આપવી.

(૨) બેંકે મુળ એફ.ડી ઉપર આજ દિન સુધી ચઢેલ વ્યાજ અરજદાર નં.૧ને એકાઉન્ટ પેઈ ચેકથી ચુકવી આપવું.

(૩) બેંકે એફ.ડી.ની રકમ ઉપર જમા થતા વ્યાજની રકમ અરજદારોને દર ૩ માસે એકાઉન્ટ પેઈ ચેકથી/ખાતામાં સીધે સીધુ ચુકવવું.

(૪) અરજદાર નં.૨ અને અરજદાર નં.૩ ની એફ.ડી.ની રકમ ઉપર જમા થતા વ્યાજની રકમ અરજદાર નં.૨ અને અરજદાર નં.૩ સગીર હોવાથી તેઓના કુદરતી વાલી તથા ઈષ્ટ મિત્ર તરીકે અરજદાર નં.૧ને એકાઉન્ટ પેઈ ચેકથી/ ખાતામાં સીધે સીધુ ચુકવવુ અને જે અરજદાર નં.૨ અને અરજદાર નં.૩ ના અભ્યાસ માટે તથા તેઓના ઉજજવળ ભવિષ્ય માટે માટે વાપરી શકશે.

(૫) બેંકે એફ.ડી.માં મુકેલ રકમ ઉપર કોઈ લોન, બોજો કે ધીરાણ કરવું નહીં કે અત્રેની અદાલતના હુકમ વગર બેંકે ડીપોઝિટની રકમ કોઈને ચુકવવી નહીં. આ અંગેની નોંધ લાલ સહીથી અસલ ફીકસ ડીપોઝિટ ઉપર બેંકે કરવી.

(૬) બેંકે સદર ફીકસ ડીપોઝિટની અસલ રસીદ તથા એકાઉન્ટ પેઈ ચેકથી ચુકવ્યાની યાદી દિન–૧૦ માં અત્રેની અદાલતમાં રજુ કરવી.

હુકમ આજરોજ તા.૩૦/૦૪/૨૦૨૬ નારોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

તારીખ : ૩૦/૦૪/૨૦૨૬
સ્થળ : સુરત

(કૃષ્ણકાંત ગોવિંદભાઈ પટેલ)
ન્યાયાધીશ (એસ.ડી) અને
એકસ ઓફીસીયો કમિશ્નર ફોર ધી
એમ્પ્લોઈ કોમ્પનસેશન,
મજુર અદાલત નં.૩, સુરત.
Code No. GJ01285